

# ઝુંપડપટ્ટીના 'અક્ષરજ્ઞાન' વર્ગોમાં ગરબા યોજાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સે-૨૮, ૨૩ અને પેથાપુરની ઝુંપડપટ્ટીના બાળકો માટે સર્વ વિદ્યાલય કેમ્પસના અધ્યાપકો દ્વારા નિઃશુલ્ક અક્ષરજ્ઞાનના વર્ગો ચલાવવામાં આવે છે. આ વર્ગોના આશરે ૫૫ બાળકો માટે આજે નવરાત્રી મહોત્સવનું યોજન કરાયું હતું. જેમાં બાળકો વિવિધ પરંપરાગત પરિધાન જેવા કે કેડિયું, ફાળિયું-ફેંટો, ચણિયા ચોળી વગેરેને ધારણ કરી વિવિધ ભાતના ગરબે ઘુમ્યા હતા. આ શ્રમજીવી બાળકોની ગરબે ઘુમવાની આગવી છટા તદન નોખી તરી આવતી હતી.

નવરાત્રી મહોત્સવ કાર્યક્રમમાં પોશાક અને પરફોર્મન્સના આધારે ૧૨ બાળકોને એ ગ્રેડના ઈનામો અપાયા હતા જેમાં અગ્રતા ક્રમે કોમલ, તુલસી, સોનિયા, આકાશ, રાજ, પલ્લવી, તિથિ, રોશની, રોહિત, જયદીપ, સુમિત વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે ધવલ દંતાણી નામના બાળકે વેસ્ટર્ન ડાન્સ પરફોર્મ કરી અનેરું આકર્ષણ પેદા કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રમજીવી બાળકોને અક્ષરજ્ઞાન આપનારા ૧૦ શિક્ષકોએ પણ મહોત્સવમાં ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. જેમાં હેતલબેન, મનીષાબેન, સેજલબેન, અમિતા મિશ્રા, તિથિબેન, પ્રેક્ષાબેન, પાયલબેન, આનંદીબેન, નરેન્દ્ર ખાલસા, વિજય રાણા વગેરેનો સમાવેશ થાય છે. આ મહોત્સવમાં સ્કાયગૃપના વિશાલભાઈ દ્વારા પુરસ્કાર અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી તે માટે આપણું ફાઉન્ડેશનના યુવા કાર્યકરોએ ઉત્કૃષ્ઠ વ્યવસ્થા કરી આપી હતી. કાર્યક્રમમાં અક્ષરજ્ઞાન વર્ગો થકી ઝુંડપટ્ટીના બાળકોને શિક્ષણ આપવાનું સેવાકાર્ય અનેક મુશ્કેલીઓ અને મુંઝવણો વચ્ચે સાતત્યપૂર્ણ રીતે ચલાવનાર કડી કેમ્પસના ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે સતત તેમની હુંફ પુરી પાડી હતી.





## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ દ્વારા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગરબા યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા પ્લોટ નં. ૩૭૪/૨, સે-૨-બી મંજુલાબેન સોલંકીના નિવાસસ્થાને બપોરે ૨.૦૦ કલાકે આનંદનો ગરબો યોજવામાં આવશે.

● ઈન્ફોસીટી સરગાસણ ક્રોસ રોડ ખાતે સવારે ૧૦ કલાકે રાધે થાળનું ઉદઘાટન આરોગ્ય મંત્રી નિતિન પટેલ દ્વારા કરવામાં આવશે.

- નજાહખાનમ સૈયદ

## આજે સે-૩ સાંઈ મંદિર ખાતે આધારકાર્ડનો કેમ્પ

ગાંધીનગર, તા.૨૮

શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૨૯મી ઓકટોબરને ગુરુવારના રોજ સારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન શ્રી સાંઈ મંદિર, સેકટર-૩-ડી ખાતે આધાર કાર્ડ કાઢી આપવામાં આવશે.

આધારકાર્ડ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, લાયસન્સ, ફોટાવાળુ એ.ટી.એમ. કાર્ડ તથા ફોટાવાળુ પેન્શન કાર્ડ આ પુરાવા પૈકી કોઈ પણ એક પુરાવાની નકલ સાથે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી નરસિંહભાઈ પરમારનો સંપર્ક સાધવાનો રહેશે. તમામ નગરજનોને આધારકાર્ડનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો છે.

## કોલવડાની સર્વોદય પ્રાથમિક વિદ્યા મંદિરનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું



હતું. જેમાં સર્વોદય પ્રાથમિક વિદ્યામંદિરમાં અભ્યાસ કરતી ધોરણ-૫ની વિદ્યાર્થીની કોમલ ચાવડા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની હતી તેમજ ધોરણ-૩નો વિદ્યાર્થી વિરલ કાપડીયાએ નિબંધ સ્પર્ધામાં બીજા ક્રમે તથા ધોરણ-૫ના વિદ્યાર્થી પાર્થ વાળંદે એક પાત્રિય અભિનયમાં બીજો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.



શરદપુનમ નિમિત્તે પોલીસ હેડકવાર્ટર ગાંધીનગર ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવાર સાથે ગરબા રમવાનો આનંદ માણ્યો હતો. હસમુખભાઈ પટેલ (આઈજીપી), વિરેન્દ્ર યાદવ (એસપી) પરિવાર સાથે હાજર રહ્યા હતા. સુરક્ષાસેતુ અંતર્ગત અન્વયે યોજાયેલ આ કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થીનીઓ તથા પોલીસ પરીવાર તથા મહેમાનોએ અમદાવાદની અંકિતા શાહ ઓર્કેસ્ટ્રા સાથે ગરબે ઝુમી આનંદ માણ્યો હતો.

# એસટી બસની ટક્કરે ઘવાયેલા સેકશન ઓફીસરનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ઉદ્યોગ ભવનના સેકશન ઓફીસર ગઈ સાંજે એકસેસ લઈને ટાઉનહોલ થઈ ચ માર્ગ પર પહોંયા ત્યારે પોઈન્ટની બસના ડ્રાઈવરે જબરદસ્ત ટકકર મારી એકસેસ ચાલક અધિકારીને ફંગોળ્યા હતા અને બસ મુકીને ડ્રાઈવર કડંકટર ફરાર થઈ ગયા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલ અધિકારીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે મૃતકના દિકરાની ફરિયાદને આધારે ગુનો નોંધી બસ ડ્રાઈવર આરોપીને પકડવા તજવીજ શરુ કરી છે.

ઉદ્યોગભવનથી ઓફીસ કામ પતાવીને સાંજે સેકશન ઓફીસર ૫૧ વર્ષીય કનુભાઈ લીમાભાઈ ડામોર પોતાનું એકસેસ લઈને ટાઉનહોલ થઈને ચ માર્ગ પરથી પોતાના ઘરે સે-૨૦ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ચ માર્ગ પર બેફામ ગતિએ નીકળેલી પોઈન્ટની બસના ડ્રાઈવરે એકસેસને અડફેટે લેતા એકસેસ રસ્તા પર ૨૦ થી ૨૫ ફુટ સુધી ઢસડાયું હતું અને કનુભાઈ ડમોર ફંગોળાઈને ડિવાઈડર પર પટકાયા હતા આ અકસ્માતમાં ઘાયલ કનુભાઈને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા જયારે હાલત ગંભીર જણાતા તેમને આઈસીયુ ઓન વ્હીલમાં અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યા હતા. મોડી રાત્રે તેમનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે મૃતકના દિકરા મુકેશ ડામોરની ફરિયાદને આધારે ગુનો નોંધી આરોપી બસ ડ્રાઈવરને પકડી પાડવા પીએસઆઈ પી.કે. અસારીએ ચક્રો ગતિમાન કર્યા છે.

## વાતવાતમાં

● હાશ... આખરે ગરબા પત્યા. નવરાત્રી પર્વના નવ દિવસથી શરદપૂર્ણિમા સુધી નગરજનોએ મન ભરીને ગરબા માણ્યાં, હવે દિવાળી પર્વની તૈયારીઓ માટે સૌ વ્યસ્ત બનશે.

● ગાંધીનગરની મેડિકલ કોલેજમાં શરદપૂર્ણિમાએ ગરબાનું આયોજન કરાયું હતું. આ ગરબાના અંતે ઈનામ વિતરણ દરમિયાન ઈનામ લેવા જતા એક ખેલૈયો 'સ્ટેપ' ચુકયો અને ગડથોલિયું ખાઈ ગયો હતો.

● સે-૭ની ઈન્કવાયરી ઓફિસ પાસેથી બુધવારે પસાર થઈ રહેલ 'અક્ષયપાત્ર'ની ગાડીનો પાછળનો દરવાજો ખુલ્લો રહી જવા પામ્યો હતો. આ દરવાજો ખુલી જવાથી એક દાળ ભરેલું પાત્ર રસ્તા પર પડી જવા પામ્યું હતું.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## સે-૧૭/૨૨ પાસેથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૧૭/૨૨ ખાતે સ્થિત એક ચાની દુકાનના ઓટલા પરથી આજે સવારના અરસામાં એક અજાણ્યા યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. સવારે દુકાન માલિક ભુપેન્દ્રસિંહને જાણ થતાં તેમણે પોલીસને બોલાવી લેતા સે-૨૧ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સે-૨૧ પોલીસ મથકના જમાદાર બળદેવજીએ અકસ્માત મોતનો ગુનો નોંધી રાજકુમાર તરીકે ઓળખાતા આ મૃતક યુવાનના વાલીવારસની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

# સિવિલ હોસ્પિટલની ડેપ્યુટી મેયરે ઓચિંતી મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આજ રોજ બપોરના સુમારે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે મુલાકાત લીધી હતી. તાત્કાલિક વિભાગમાં ગંદી ચાદરોમાં સારવાર લઈ રહેલા દર્દીઓને જોઈ ચોંકી ઉઠયા હતા. તેઓએ સ્ટાફના માણસોને જરુરી સૂચના આપતા સ્ટાફે તાત્કાલિક અસરથી તમામ બેડની ચાદરો બદલી નાંખી હતી. સિવિલ તંત્રની બેદરકારીને લઈ તેમણે અસંતોષ વ્યકત કર્યો હતો.

ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લામાંથી હજ્જારો દર્દી સારવાર માટે આવે છે. હોસ્પિટલનું અદ્યતન બિલ્ડીંગ અને ટેકનોલોજીથી સજ્જ થતાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે શહેરની સિવિલને પસંદ કરે છે. સિવિલની મુલાકાત તાજેતરમાં આરોગ્ય પ્રધાને લીધી હતી અને તંત્રને જરુરી સૂચનો કર્યા હતા. ત્યારબાદ સિવિલ તંત્રના તમામ વિભાગ જાણે એકટીવ થઈ ગયા હતા. સફાઈ અંગે વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. પરંતુ 'શેઠની શિખામણ ઝાંપે સુધી' કહેવતની જેમ થોડાક દિવસ બરોબર કામ ચાલ્યું. પરંતુ પાછુ હતું તેમનું તેમ રાબેતા મુજબ થઈ ગયું હતું ત્યારે આજે બપોરના સુમારે આજે અચાનક મનપાના ડે. મેયર કાર્તિક પટેલ સિવિલ ખાતે આવી પહોંચ્યા હતા. તાત્કાલીક સારવાર વિભાગમાં તેમણે જોયું તો ગંદી ચાદરોમાં દર્દીઓને સારવાર આપવામાં આવી રહી હતી. ચાદરોમાં બ્લડના ડાઘ હતા. ઈંજેકશન આપ્યા બાદ સ્પીરીટનું પોતું પણ ચાદરો પર જોઈ ચોંકી ઉઠયા હતા. સિવિલ ખાતે વિવિધ રોગોના દર્દીઓ આવતા હોય છે ત્યારે ચાદરો સમયાંતરે ન બદલતા કોઈ દર્દીના રોગનું ઈન્ફેકશન કોઈ અન્ય દર્દીને લાગી જાય તો તેવું હાજર સ્ટાફને કહેતા સ્ટાફે તાત્કાલીક ધોરણે તમામ બેડની ચાદરો બદલી નાંખી હતી. વધુમાં ડે. મેયરે જણાવ્યું હતું કે સિવિલ ખાતે દર્દીના આરોગ્યને ધ્યાન લઈ હું અવારનવાર ચોકકસ મુલાકાત કરીશ. ઓચિંતા ડે. મેયરની મુલાકાતને પગલે તાત્કાલિક વિભાગમાં સ્ટાફમાં થોડા સમય માટે ચહલ પહલ વધી ગઈ હતી. પરંતુ સિવિલ તંત્રની સ્વચ્છતા અંગેની બેદરકારીને લઈ ડે. મેયરે અસંતોષ વ્યકત કર્યો હતો.



## સે-૨૩માં પગરવ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૮

દશેરાના પાવન દિવસે ગ-૬ સર્કલ પાસે, સેકટર-૨૩માં પગરવ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલનું ઉદઘાટન ગુજરાતના શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાના હસ્તે, મેયર હંસાબેન મોદી તથા ડે. મેયર કાર્તિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે હોસ્પિટલના સંચાલકો પ્રણવ સોની, ડૉ. વૈભવ પટેલ તથા પ્રહર અંજારિયા ઉપસ્થિત હતાં.

૫૦ બેડ ધરાવતી આ હોસ્પિટલમાં ૩ અદ્યતન ઓપરેશન થિયેટર, આઈસીયુ તથા અન્ય સ્વાસ્થ્યને લગતી સુવિધાઓ કુશલ ડોકટરોની ટીમ દ્વારા આપવામાં આવે છે એમ જણાવી હોસ્પટિલના સંચાલક પ્રહર અંજારિયાએ 'અફોર્ડેબલ હેલ્થકેર' પર ભાર મુકયો હતો.

# ફિઝિયોથેરેપી કોલેજના વિદ્યાર્થીઓ સે-૬ના વૃધ્ધાશ્રમની મુલાકાતે

**વડીલોને શારિરીક કસરતો અંગે માર્ગદર્શન આપ્યું : વૃધ્ધાશ્રમથી નજીકમાં જ આવેલ કોલેજમાં નિઃશુલ્ક ચેકઅપ કરાય છે તે અંગે માહિતગાર કર્યા**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીના ૭૦ વિદ્યાર્થીઓએ આજે સે-૬ના ક્રિશ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમના વડીલો સાથે આનંદમાં સમય વિતાવ્યો હતો તથા તેમને શારિરીક કસરતો અંગે ઘણી બધી ટીપ્સ પણ આપી હતી.

ફિઝિયોથેરેપી કોલેજના વિદ્યાર્થીઓએ વૃધાશ્રમના વડીલો સાથે સમય પસાર કરી તેમના દુઃખ-દર્દ, તકલીફો સમજવા કોશિષ કરી હતી. માનવતભર્યા પ્રેમાળ વાર્તાલાપ સાથે યુવા વિદ્યાર્થીઓએ વડીલોના દિલ જીતી લીધા હતા. વડીલોની પાકટ વયના કારણે શારિરીક તકલીફો અંગે વિદ્યાર્થીઓએ તેમને કેવી કસરતો કરવી તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. વળી સે-૬ થી ફિઝિયોથેરેપી કોલેજ નજીકના અંતરે જ આવેલી હોઈ કોલેજના ચાલતા નિઃશુલ્ક ચેક અપ અંગે માહિતી આપી હતી. આ માહિતીના કારણે ચેક અપની જરૂરિયાતવાળા વડીલોને રાહતની લાગણી થઈ હતી અને તેમણે નિયમિત ચેક અપ કરાવવા આવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.



તમામ વિદ્યાર્થીઓએ વડીલોને ફળફળાદિની ભેટ અર્પણ કરી હતી અને વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. આ મુલાકાતમાં કોલેજના પ્રિન્સિપાલ, વાઈસ પ્રિન્સિપાલ અને તમામ અધ્યાપકગણ પણ જોડાયા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# કલ્પતરૂ દ્વારા હસ્તકલા અને બાળ મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં ઔદ્યોગિક ક્ષેત્રે અનોખું સ્થાન ધરાવતી કલ્પતરૂ કંપની દ્વારા એક વિશિષ્ટ હસ્તકલા અને બાળમેળાનુંઆયોજન કરવામાં આવ્યું છે.

કલ્પતરૂ પરિવારના સભ્યો દ્વારા બનાવવામાં આવેલ તેમજ તૈયાર વૈવિધ્યસભર વસ્તુઓ કપડાં, જવેલરી, મસાલા, મુખવાસ, વાનગીઓ વગેરેનું વેચાણ અને પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

કલ્પવૃક્ષ લર્નિંગ સેન્ટર, ગેઝિયા હોલની સામે, સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે તા. ૩૧ ઓકટોબર અને ૧ નવેમ્બર દરમિયાન આ મેળાનું આયોજન કરાયું છે એમ સાત્વિક ત્રિવેદીએ જણાવ્યું છે.

ફુલ ફેમિલી એન્જોય કરી શકે અને વાજબી ભાવે અવનવી વસ્તુઓ મળે, બાળકોને આનંદ-પ્રમોદની રમતો રમવા મળે એવાં આનંદદાયક મેળાનાં આયોજનમાં પ્રકાશ રાજનનાં માર્ગદર્શન હેઠળ ટીમ લાગેલી છે. ગાંધીનગરની રસીક જનતાને આ પ્રદર્શન અને મેળામાં પધારવા આમંત્રણ પાઠવ્યું છે.

# માનસિક રીતે વિશિષ્ટ બાળકોના જીવનમાં નવો પ્રકાશ

**હેત ફાઉન્ડેશન દ્વારા વર્કશોપ યોજી બાળકોને દિવડા બનાવવાની તાલીમ અપાઈ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સે-૭ ખાતે હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકોને વર્કશોપ થકી તાલીમ આપી દિવાળીના દિવડા બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ દિવડા અમદાવાદની સુવિખ્યાત રાજપથ અને કર્ણાવતી કલબના એકિઝબીશનમાં વેચાણ અર્થે મુકાનાર છે તથા પ્રખ્યાત ફાર્મા કંપની કેડિલા ઝાયડસ દ્વારા પણ આ દિવડા ખરીદવાની તૈયારી દર્શાવાઈ છે. જાણીતી મોબાઈલ કંપની એરટેલ દ્વારા ૧૪૦૦ દિવડાનો ઓર્ડર પણ મળ્યો છે.

દિપાવલી પર્વ હવે નજીક આવી પહોંચ્યું છે. અંધકારને દૂર કરી જીવનમાં જ્ઞાન અને સમૃદ્ધિનો પ્રકાશ રેલાવવાના આ પર્વને તમામ નાગરિકો દ્વારા ખૂબ જ ઉલ્લાસ અને હર્ષ સાથે ઉજવવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકોના જીવનમાં સે-૭ની હેત ફાઉન્ડેશન સંસ્થા દ્વારા આશાના દીપ પ્રગટાવવાનું કાર્ય કરાય છે. આ બાળકોના સર્વાંગી વિકાસ માટે સંસ્થા દ્વારા અવાર નવાર વિવિધ વર્કશોપનું આયોજન કરાય છે જેમાં કિચેઈન, રાખડી, જવેલરી, કાર્ડસ-એન્વેલોપ, ડેકોરશન, આર્ટિકલ્સ જેવી અસંખ્ય ચીજવસ્તુઓ બનાવતા શીખવાડાય છે. આ આર્ટિકલ્સના વેચાણમાંથી થતી આવક આ બાળકોના વિકાસ માટે વાપરવામાં આવે છે.

તાજેતરમાં આ સંસ્થા દ્વારા બાળકોને દિવાળીના દિવડા બનાવવાની તાલીમ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ રંગના, વિવિધ આકારના અનેક દિવડા બનાવ્યા હતા આ બાળકોએ પંચ દિવડી પણ બનાવી હતી. આ દિવડાં બનાવવા માટે સંસ્થા દ્વારા સારી ગુણવત્તા ધરાવતા રંગો સહિતનું તમામ મટીરીયલ્સ પુરું પાડવામાં આવ્યું હતું. આ આ દિવડાનું અમદાવાદની સુવિખ્યાત રાજપથ કલબ અને કર્ણાવતી કલબમાં યોજાનાર એકિઝીબીશનમાં વેચાણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત જાણીતી ફાર્મા કંપની કેડિલા ઝાયડસ કંપનીમાં પણ યોજાનાર પ્રદર્શનમાં વેચાણ માટે મુકાશે અને સુપ્રસિધ્ધ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપની એરટેલ દ્વારા તો ૧૪૦૦ દિવડાની ખરીદીનો ઓર્ડર પણ આપી દેવાયો છે. આ ઉપરાંત ગાંધીનગરના અનેક નગરજનો દ્વારા પણ આ દિવડાં ખરીદવા અંગે તૈયારીઓ દર્શાવાઈ છે. જેના કારણે સંસ્થાના સંચાલક મીરાબેન ગઢવી તથા બાળકોના ચહેરા પર હર્ષની રેખાઓ અંકિત થવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકોને વિશિષ્ટ બાળકો ગણી તેમના સર્વાંગી વિકાસ, જન જાગૃતિ સ્વીકાર, વ્યવસાયિક તાલીમ અને પુર્નવસન માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. આ કાર્ય માટે સંસ્થા સંચાલકને તેમના પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો અને નગરના અનેક સુજ્ઞ નગરજનો દ્વારા ઉત્કૃષ્ઠ સહયોગ પુરો પાડવામાં આવી રહ્યો છે. દિપાવલી પર્વ નિમિત્તે આ દિવડા બાળકોના જીવનમાં આશા અને ઉમંગનો પ્રકાશ રેલાવશે તેમાં બે મત નથી.



(તસવીર : કશ્યપ નિમાવત)

# રોહીત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૨૮

ઉગમણા સતાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સમાજના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજમાં અભ્યાસ ક્ષત્રે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું તેમજ સમાજના નિવૃત્ત થયેલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે.

ગોળ સમાજના સ્નેહમિલનના કાર્યક્રમમાં ધો-૧૦, ધો-૧૨, ડીપ્લોમા, ડીગ્રી, સ્નાતક, બી.એડ. માં ઉત્તીર્ણ થયેલ ૧ થી ૩ ક્રમના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે તથા ૧ ઓકટોબરથી ૩૧મી ઓકટોબર સુધીના સમય ગાળામાં નિવૃત્ત થયેલ કર્મચારીઓને પણ સન્માનિત કરવામાં આવશે. ગોળ સમાજના સભ્યોએ આ અંગેના ફોર્મ કાર્યાલયથી મેળવી ઉત્તીર્ણ કરેલી પરીક્ષાના પરીણામની નકલ અને ફોર્મ સંસ્થાના સરનામે ૧૫ નવેમ્બર સુધીમાં જમા કરાવવા ટ્રસ્ટના પ્રમુખ પી.જે. રાઠોડે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. લલીતાબેન ઈશ્વરલાલ બારોટ, ઉ.વ. ૯૫
- સ્વ. મધુબેન બચ્ચનભાઈ સહની, ઉ.વ. ૪૦
- સ્વ. તેજસ પ્રવિણભાઈ પટેલ, ઉ.વ. ૧૬